KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग

સ્થાપના વર્ષ - ૧૯૪૦
કપડવણજ કેળવણી મંડળનું
મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

કપડવણજ કેળવણી મંડળ
Affordable Education For All

# પ્રતિભા

વર્ષ:૧ અંક:૧૯ માસ: ડિસેમ્બર,૨૦૧૯


## શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર

### ચિત્ર સ્પર્ધામાં શાળા અગ્રેસર



કલાસારથી આર્ટ ફાઉન્ડેશન અમદાવાદ આયોજિત ચિત્રસ્પર્ધામાં શ્રી મા. દે. કિશોર મંદિર, કપડવંજના ૧૦૪ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. જેમાં રાજ્ય લેવલે શાળાના ૭ બાળકોએ જુદા–જુદા લેવલે એવોર્ડ મેળવી શાળાને પણ બેસ્ટ સ્કૂલનો એવોર્ડ અપાવ્યો છે.

- કલાગુરુ એવોર્ડ વિજેતા :– (૧) પ્રણામી હેતુલ જે.
- નેશનલ કલાજ્યોતિ એવોર્ડ વિજેતા :– (૧) પટેલ સાર્વી એમ. (૨) પરમાર નેહા એન.
- ગોલ્ડ મેડલ એવોર્ડ વિજેતા :– (૧) ચૌહાણ મીઝબાબાનુ ડી. (૨) પટેલ ખુશીબેન જી.
- સિલ્વર મેડલ એવોર્ડ વિજેતા :– (૧) ઝીંઝુવાડિયા અનેરી દિપકકુમાર
- બેસ્ટ સ્કૂલ એવોર્ડ :– (૧) શ્રી યામીનીબેન પટેલ
- ક્રિએટીવ ટીચર એવોર્ડ :– (૧) ઈકબાલહુસેન શેખ

### સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં શાળાના વિદ્યાર્થીઓ ઝળક્યા

ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા – ૨૦૧૯ ખેડા જિલ્લા સમિતિ તત્વાવધાન , શાંતિકુંજ– હરિદ્વાર આયોજિત ધોરણ ૫ થી ૮ ની પરીક્ષામાં ધોરણ પ્રમાણે પ્રથમ અને દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ છે. વિજેતા વિદ્યાર્થીઓને કંપાસ અને ચોપડા આપવામાં આવ્યા હતા. શાળા પરિવાર વતી સર્વે વિજેતા વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન આપવામાં આવ્યા હતા.

| પ્રથમ | દ્વિતીય |
|---|---|
| પટેલ તેજસ નિલેષકુમાર (ધો.૫–અ) | પટેલ મૈત્રી સુહાગભાઈ (ધો.૫–ક) |
| શુભ કિસ્મતભાઈ (ધો.૬–ક) | શેખ મુસ્બેહીન મો.હબીબ (ધો.૬–બ) |
| પ્રજાપતિ પ્રિયા બિપીનચંદ્ર (ધો.૭–બ) | ચૌહાણ વિધિરાજ લાલસિંહ (ધો.૭–બ) |
| પટેલ યાત્રા અશ્વિનભાઈ (ધો.૮) | રજપૂત રાજવી રાજેશભાઈ (ધો.૮) |

## જિજ્ઞાસા –૨૦૧૯



કપડવણજ કેળવણી મંડળ અને અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનના સહયોગથી ૪–૫ ડિસેમ્બર–૨૦૧૯ દરમિયાન કોલેજ ગ્રાઉન્ડ ખાતે બે દિવસીય વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી મા. દે. કિશોર મંદિરના ૧૪ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ કેટેગરીમાં સ્વપ્રયત્ને બનાવેલ ૭ કૃતિઓ રજૂ કરી હતી. ઉપરાંત શાળાના શ્રેણી ૬ થી ૮ ના વિદ્યાર્થીઓએ આ વિજ્ઞાનમેળાને નિહાળવાનો લાભ પણ લીધો હતો.

# શ્રીમતી સી.ડી.ગાંધી ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ

## ગીતા જયંતીની ઉજવણી





કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી સી.ડી.ગાંધી ઈંગ્લીશ મીડિયમ સ્કૂલમાં તા–૦૯/૧૨/૨૦૧૯ સોમવારના રોજ 'ગીતા જયંતિ' ઉજવવામાં આવી હતી. જેમાં ધો–૬ ના વિદ્યાર્થીઓએ ગીતા શ્લોકનું પઠન કર્યું હતું અને તેનો ભાવાર્થ સમજાવ્યો હતો. ધો–૮ ના વિદ્યાર્થીનીએ શ્રીકુષ્ણની સ્તુતિ કરેલ હતી અને કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનને જયારે વિષાદ થયો હતો ત્યારે શ્રીકૃષ્ણએ તેમને જીવનલક્ષી જે ઉપદેશ આપ્યો હતો તેને ધો–૧૦ ના વિદ્યાર્થીઓએ નાટ્યકૃતિ દ્વારા રજૂ કર્યું હતું. દરેક વિદ્યાર્થીઓએ ખુબજ ઉત્સાહથી તેને નિહાળ્યો હતો. શાળાના આચાર્યશ્રી તેમજ સ્ટાફગણ તેમને અભિનંદન પાઠવ્યા હતાં.

Kapadwanj Kelavani Mandal
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग

# પ્રતિભા

વર્ષ:૧ અંક:૧૯ માસ: ડિસેમ્બર,૨૦૧૯


## શ્રી એસ.સી.દાણી પ્રાયમરી સ્કૂલ

### પ્રવાસનું આયોજન








તા.૧૦-૧૨-૨૦૧૯ ને મંગળવારના રોજ ધો.૧ અને ના બાળકોનો પોઈચા અને ધો.૩ થી ૫ ના બાળકોનો મરતોલી, શંખલપુર, બહુચરાજી અને પાટડી મુકામે એક દિવસીય શૈ.પ્રવાસનું સુંદર આયોજન શાળા તરફથી કરવામાં આવ્યું. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો. પોઈચામાં બાળકોએ સ્વામિનારાયણ અને વિષ્ણુ ભગવાનના મંદિરની મુલાકાત લીધી તથા પ્રદર્શન નિહાળ્યું. મરતોલીમાં ચેહરમાતાના, બહુચરાજી અને શંખલપુરમાં બહુચરમાતાના અને પાટડીમાં સ્વામિનારાયણ ભગવાનના દર્શન કર્યા. બાળકોએ મંદિરના પટાંગણમાં ખૂબ આનંદ માણ્યો અને પ્રવાસમાં બધા જ બાળકોને ખુબ આનંદ-ઉલ્લાસથી રમતો રમાડી સાથે-સાથે શૈ.પ્રવાસના સ્થળોની વિવિધ માહિતીથી માહિતગાર કર્યા આમ પ્રવાસનું આયોજન સુંદર અને સફળ રહ્યું.

Kapadwanj Kelavani Mandal
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग

# પ્રતિભા

વર્ષ:૧ અંક:૧૮ માસ: ડિસેમ્બર,૨૦૧૯ 

## ચંદ્રની કળા અને ગ્રહણની માહિતી







ધો.૬ ના સા.વિજ્ઞાન અને વિજ્ઞાન ટેક્નોલોજી વિષયના અભ્યાસમાં આવતા પ્રકરણની માહિતીને સમજાવવા માટે તા.૧૦/૧૨/૨૦૧૯ને મંગળવારના રોજ ધો.૬ ના ૭૫ વિદ્યાર્થીઓને ચંદ્રની કળા અને ગ્રહણમાં શું તફાવત છે અને ગ્રહણ શા માટે થાય છે તેની માહિતી મૉડેલ અને પ્રાયોગિક રીતે સમજાવી જેમાં બાળકોએ જાતે ચંદ્રની કળાઓના અને ગ્રહણના વિવિધ રંગના ચાર્ટ તેમની જાતે તૈયાર કર્યા અને શાળાના બુલેટીન બોર્ડ ઉપર લગાવવામાં આવ્યા.

## મનો વેદના

હું ક્યાં કહું છું કે સમય થી કામ થવું જોઈએ
પણ એટલું તો કહુ કે સમય સાથે કામ થવું જોઈએ
જોવું છું આજે બાળ વિશ્વને તો હૃદય કંપી જાય છે.
ક્યાંક શું આજે એના સમયથી કામ થાય છે ?
હું વિચાર્યા કરૂ છું આજે દુનિયા બદલાશે સમયની સાથે
પણ શું એક વર્ગખંડ બદલાય છે સમયની સાથે?
આજે ઘણા તત્વવેતા થયા, શિક્ષણ-પ્રણાલી બનાવતા થયા સમયની સાથે
પણ તેવા શિક્ષક ઘણા ઓછા થયા જે શિક્ષણને સમજી શકે સમયની સાથે
બાળકની અમી ભરેલી નજરે જોવાવાળા ઘણા શિક્ષક ધૂપસળી બન્યા સમયની સાથે
આજે શિક્ષક બદલાશે તો બાળક બદલાશે સમયની સાથે
બાળકની સાથે સમાજ અને વિશ્વ પણ બદલાશે સમયની સાથે
કહેવાનું તો ઘણું થાય છે પણ વેદના થોડામાંજ વ્યક્ત કરું છું સમયની સાથે

સ્વાતિ ડી. પંચાલ
શ્રી એસ.સી.દાણી સેકન્ડરી સ્કૂલ

# શ્રીમતી સી.ડી.ગાંધી ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ

## विदाई गीत

"नही चाहती यह घर छोडना,
उस आंगनको जहाँ सीखा बोलना,
ओ... माँ अब तु ना मेहंदी ओलना,
ना वो हल्दी को आँसुओं से घोलना,
अभी तो बाकी है इन गलियों में दौडना,
उन बाँहो पे प्यार से झूलना,
मुझे किसी और की ना होना,
और कोइ नाम मुझसे तू ना जोडना,
क्या गलती हुई मुझसे बोलना,
जो तु चाहती है ये नाता तोडना,
मेरी मंजिल है तेरी गोद में खेलना,
उस झील को किसी और ना मोडना,
नही चाहती यह घर - यह गलियाँ छोडना,
जहाँ सीखा मैंने माँ बोलना..."

झील मालीवाल